**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૧૧/૧/૨૦૧૫ રવિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધીધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૫/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૭ કેસ કરી ૧૬ વ્યક્તિઓને ઝડપી ૧૩૭ લીટર દેશી દારૂ, ૨૭૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૬ બિયર ટીન અને ૦૧ ઓટોરીક્ષા કબજે કરી હતી.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૬/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૯૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહિ ૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની તેમજ પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ગાડીનો કાચ તોડી ચોરી :-** **સમાચાર યાદી નં.૭૭/૧૫**

**વસ્ત્રાપુર :** લોકીકભાઇ મહીપાલ શાહ (રહે.અવનિ એપાર્ટમેન્ટ, પ્રગતીનગર) એ તા.૯/૧/૧૫ રાતનાં ૮/૦૦ થી ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન હીમાલયા મોલ સામે આવેલ ગેલેક્ષી બાજાર કોમ્પ્લેક્ષ સામે રોડ ઉપર પોતાની એસન્ટ કાર પાર્ક કરી હતી. જે કારનો જમણીબાજુનો પાછળનો કાચ તોડી કોઇ અજાણી વ્યક્તિ કારમાંથી કાળા રંગનું બેગ જેમાં લેપટોપ કિંમત રૂપિયા ૩૫,૦૦૦/- તથા ડોંગલ અને બીજી જરૂરી ચીજવસ્તુઓ હતી. તેની ચોરી કરી લઇ ગઇ હતી. તેમજ નીરવ પ્રવીણભાઈ પટેલ (રહે, પ્રકાશદીપ એપાર્ટમેન્ટ, નવા વાડજ) એ ઉપરોક્ત સમયે પોતાની સ્વીફ્ટ કાર ગુરુકુલ રોડ રાજવી ટાવર સામે રોડ ઉપર પાર્ક કરેલ તેની જમણી બાજુનો પાછળના દરવાજાનો કાચ તોડી કારમાથી મરુન કલરની બેગ કોઈ અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઇ છે. જે બેગમા O.N.G.C.નુ આઈ કાર્ડ, ડ્રાઈવીંગ લાઈસન્સ તથા બીજા અગત્યના દસ્તાવેજો હતા. આ અંગેની ફરીયાદ લોકીકભાઇ શાહે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી જયંતીલાલ મણીલાલ ચલાવે છે.

**પાણીની ટાંકી ઉપરથી પડી જતાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૭૮/૧૫**

**દાણીલીમડા :** માજીદ અબ્દુલઆબીદ શા (ઉ.વ.૦૭)(રહે.સિકંદર માર્કેટ, મદની મસ્જીદની આગળ, દાણીલીમડા) તા.૯/૧/૧૪ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરની સામે આવેલ મ્યુ.કોર્પો.ના પંપીંગ સ્ટેશનમાં રમવા ગયેલ હતો. જ્યાં પાણીની ટાંકી ઉપરથી નીચે પડી જતાં, માથામાં ગંભીર ઇજા થતાં સારવાર અર્થે તેને વા.સા.હોસ્પીટલમાં દાખલ કરેલ જ્યાં સારવાર દરમ્યાન તા.૯/૧/૧૪ રાતનાં ૮/૦૦ વાગે માજીદનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જેશીંગભાઇ મોતીભાઇ ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૭૯/૧૫</u>**

**ઓઢવ :** સોહનસિંહ લાલસિંગ રાજપુત (રહે.ગામઃ દંશ, તા.ભીમ, જી.રાજસમદ, રાજસ્થાન) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૭/૧/૧૫ નાં કલાક ૭/૪૦ વાગ્યાના સુમારે વિરાટનગર ચાર રસ્તા પાસે આવેલ કાવેરી હોટલની સામેથી પોતાના પિતા લાલસિંગ રાજપુત(ઉ.વ.૫૫) સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા ટ્રકનાં ચાલકે પોતાની ટ્રક બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી લાવી લાલસિંગની સાયકલને ટક્કર મારી, શરીરે ગંભીર ઇજાઓ પહોંચાડતાં, સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરેલ જ્યાં સારવાર દરમ્યાન તા ૧૦/૧/૧૪ સાંજનાં ૫/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી રણજીતસિંહ રણછોડસિંહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.